# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## STATE RAIN

સમગ્ર રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે સૌથી વધુ એક ઈંચ વરસાદ અમદાવાદના માંડલ તાલુકામાં નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ, આજે 22 તાલુકામાં હળવોથી મધ્ય વરસાદ વરસ્યો છે. સાબરકાંઠાના તલોદ અને દાહોદના ગરબાડામાં અડધા ઈંચ તેમ જ અન્ય તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – NDRFની ટુકડીએ આજે વડોદરાના વડસર ગામમાં સાત લોકોને બચાવ્યા હતા.

હવામાન વિભાગે આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળે ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

નવસારીમાં ગઈકાલે આખો દિવસ પૂર્ણા અને અંબિકા નદીમાં જળસપાટી વધતા બંને નદીના પૂરના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. જોકે, ગઈકાલે સાંજથી જ જળસપાટી ઘટવા લાગતા લોકોને રાહત અનુભવી છે.

---------------

## BAR COUNCIL WEBSITE

ગુજરાત વડી અદાલતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ અને રાજ્યના કાયદા મંત્રી ઋષિકેશ પટેલે ગુજરાત વડી અદાલત ખાતે બાર

કાઉન્સિલ ઑફ ગુજરાત તથા ગુજરાત લૉ હેરાલ્ડની નવી વેબસાઇટ તથા મોબાઈલ એપ્લીકેશનનો પ્રારંભ કરાવ્યો હતો. વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશનથી રાજ્યના વકીલો વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓથી અવગત થશે. તેમ જ  રાજ્ય અને કેન્દ્રના કાયદાઓની માહિતી પણ સરળતાથી મેળવી શકશે.

શ્રી પટેલે બાર કાઉન્સિલ ઑફ ગુજરાત અને ઉપસ્થિત વકીલોને AI એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવા આહ્વાન કર્યું હતું..

આ પ્રસંગે મંત્રી ઋષિકેશ પટેલે રાજ્ય સરકાર વતી ધારાશાસ્ત્રીઓના વેલફેર માટે પાંચ કરોડ રૂપિયાનો ચેક બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને અર્પણ કર્યો હતો.

આ પ્રસંગે બાર કાઉન્સિલ ઑફ ગુજરાતે મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલના મહત્વના ૪૦ ચુકાદાઓ પર તૈયાર કરાયેલા પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું.

મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે બાર અને બેન્ચ વચ્ચેનો તાલમેલ જળવાઈ રહે અને ન્યાય વ્યવસ્થા વધુને વધુ મજબૂત થાય તે માટે સહિયારા પ્રયાસ કરવા પર ભાર મૂક્યો હતો.

એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અને ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જે.જે.પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

**HARSH SANGHAVI ON AGNIVEER**

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ભારતીય સેનાના અગ્નિવીરોને રાજ્યમાં હથિયારધારી અને રાજ્ય અનામત પોલીસ દળ – SRPને ભરતીમાં પ્રાથમિકતા આપવાના નિર્ણયને આવકાર્યો હતો. તાપીના સોનગઢ ખાતે "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમ દરમિયાન ગૃહ રાજ્યમંત્રીએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

**(બાઈટ – હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)**

------------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે. સવારે અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

--------

# MORBI CHANDIPURA

મોરબી જિલ્લા પ્રભારી સચિવ મનીષા ચંદ્રાએ ચાંદીપુરા વાઈરસ અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી. શ્રીમતી ચંદ્રાએ જિલ્લામાં થયેલા વરસાદ અને વાવણી, પીવાના અને સિંચાઈના પાણીની સ્થિતિ, ચાંદીપુરા વાઈરસ સબંધિત લેવાયેલા પગલા સહિત આરોગ્ય વિભાગની વિવિધ કામગીરી અંગે સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું.

--------------------------------